ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# શહેરમાં સમાવિષ્ટ ગામોના માર્ગોનું કામ ઓગષ્ટમાં પૂર્ણ થશે

## દહેગામમાં ફિમેલ હેલ્થ વર્કરની ૩ અને મલ્ટી પરપઝ હેલ્થ વર્કરની ૧૩ જગ્યાઓ ખાલી છે : ગિફ્ટ સિટીને જોડતા બ્રીજ પાછળ ૯૦ કરોડના ખર્ચનો અંદાજ

ગાંધીનગર, તા. ૨

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે પ્રશ્નોત્તરીના સમય દરમિયાન ધારાસભ્યોએ સાત જેટલા પ્રશ્નો રજુ કર્યા હતા. જો કે તેમાંથી માત્ર એક જ પ્રશ્ન ચર્ચામાં આવ્યો હતો.

ભાજપના ગાંધીનગર (ઉ)ના ધારાસભ્યશ્રી અશોક પટેલે ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગામોમાં આંતરિક રસ્તાઓ બનાવવા અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં રાજયમંત્રી શ્રી જયદ્રથસિંહ પરમારે જણાવ્યું હતું કે આ ગામોને જોડતા રસ્તા તેમજ ગામોના આંતરિક રસ્તાઓ બનાવવાનું આયોજન છે. આંતરિક રસ્તા સિમેન્ટના બનાવવામાં આવનાર છે.

આ રસ્તાનું કામ ઓગષ્ટ ૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે તેમ પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું. તેમણે અન્ય પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે આ માટે રૂ. ૬૭૫ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

**● આરોગ્યની ખાલી જગ્યાઓ**

કોંગીના શ્રીમતી કામિનીબા રાઠોડે દહેગામ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને તેના સબસેન્ટરોમાં ફિમેલ હેલ્થ વર્કર અને મલ્ટી પરપઝ હેલ્થવર્કરોની ખાલી જગ્યા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ફિમેલ હેલ્થ વર્કરની ૩ અને મલ્ટી પરપઝ હેલ્થ વર્કરની ૧૩ જગ્યાઓ ખાલી છે.

આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ફિમેલ હેલ્થ વર્કરની કડાદરા, દેવકરણના મુવાડા તેમજ સાણોદાના સબસેન્ટરોમાં ૩ જગ્યા ખાલી છે જયારે દેવકરણના મુવાડા, કડાદરા અને કડજોદરાના સબ સેન્ટરમાં મલ્ટી પરપઝ હેલ્થ વર્કરોની જગ્યાઓ ખાલી પડી છે.



**વિધાનસભામાં ગાંધીનગર**
**- પ્રકાશ જહા**

**● ગિફ્ટ સીટીને જોડતો બ્રીજ**

ગાંધીનગર (દ)ના ભાજપના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે પુછેલા ગિફ્ટ સિટીને જોડતા બ્રીજના કામ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજયમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગિફ્ટ સિટીને જોડતા રાયસણ ઈન્સ્ટીટયુટ બાજુના કેબલ સ્ટેઈડ સાથેના સીગ્નેચર બ્રીજનું કામ હાલ પ્રગતિમાં છે.

આ કામ પૂર્ણ થતાં તે પાછળ રૂ. ૯૦ કરોડથી વધુનો ખર્ચ થવાનો અંદાજ છે.

**● સ્વર્ણીમ સંકુલ નિર્માણનો ખર્ચ**

કોંગીના શ્રી શૈલેષ પરમારે ૩૧-૫-૧૪ની સ્થિતિએ સ્વર્ણિમ સંકુલ ૧ અને ૨ બનાવવા પાછળ થયેલા ખર્ચ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં રૂ. ૨૧૭ કરોડનો ખર્ચ થયો છે.

**● માર્ગ સુધારણા પાછળ ખર્ચ**

કોંગીના શ્રી અમીતભાઈ ચૌધરીએ ગાંધીનગર જિલ્લામાં રસ્તાના સુધારણાના કામો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજયમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં માર્ગ સુધારણાના વિવિધ કામો શરુ કરાયા છે. જેમાં કેટલાક પ્રગતિ હેઠળ છે તો કેટલાક પૂર્ણ થયા છે અને કેટલાક કામોના ટેન્ડરની પ્રક્રિયા હવે શરૂ થશે.

દરમિયાન મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ૨૨ જેટલા માર્ગ સુધારણાના કામો હાલ પ્રગતિ હેઠળ છે. ૧૬ જેટલા કામો ટૂકમાં શરૂ થશે અને પાંચ જેટલા કામોના ટેન્ડર બહાર પાડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

**● કલોલ તાલુકાના રસ્તાના કામો**

કોંગીના બળદેવજી ઠાકોરે કલોલ તાલુકામાં પસાર થતા રસ્તાઓને ડામર પેવર સપાટીથી નવીનીકરણ કરવા માટેના નવ કામો છેલ્લા બે વર્ષમાં મંજૂર કરાયા છે. આ નવે માર્ગને જોબ નંબર પણ આપી દેવાયા છે અને એક પણ રસ્તો બાકી નથી.



(તસવીર : દિપક જાની)

કચરા પેટીનો કચરો - આખા ગામનો કચરો એકત્ર કરવા માટેની કચરા પેટીઓ આજકાલ કચરામાં ફેરવાઈ રહી છે... કેટલાય વખતથી સંપીને બેઠેલી આ કચરા પેટીને નથી કોઈ ઉઠાવતું કે નથી કોઈ એનો ઉપયોગ થતો... સરકારમાં ખરીદાય પણ યોગ્ય સમયે યોગ્ય વસ્તુઓનો યોગ્ય ઉપયોગ ન થાય તો એ વસ્તુ કચરો બની જાય છે... આવું જ કચરા પેટીનું થયું છે... કોણ જવાબદાર ? કેમ જવાબદાર ? એ પ્રશ્નો પૂછવાનો સમય પણ વિતી ગયો છે... હવે તો માત્ર એક જ ઉપાય છે... આ કચરા પેટીઓના કચરાનો નિકાલ પણ તાકિદે થવો જોઈએ...

# ગુજરાત દીવાની કોર્ટ (સુધારા) વિધેયક વિના વિરોધે પસાર

## સિવિલ કોર્ટના દીવાની દાવા સંદર્ભે નાણાંકીય હકૂમતમાં વધારો કરાયો : લોકોને જિલ્લા અને તાલુકા કક્ષાએ, ઘર આંગણે જ ન્યાય મળી રહેશે : પ્રદીપસિંહ જાડેજા

ગાંધીનગર, તા. ૨

સિવિલ કોર્ટના દીવાની પ્રકારના તમામ દાવા અને કાર્યવાહી સંદર્ભે હાલની નાણાંકીય હકૂમત જે છે તેને લગતી કલમોમાં સુધારો કરવામાં આવ્યો છે. રાજ્યના કાયદા મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ ગુજરાત દીવાની કોર્ટ (સુધારા) વિધેયક વિષે બોલતાં જણાવ્યું હતું કે, સિનિયર સિવિલ જજની કોર્ટમાં પડતર દીવાની પ્રકારના તમામ દાવા અને કાર્યવાહીઓ સામાન્ય હકૂમતની સ્થાનિક હદોની અંદરના દીવાની જજને તબદીલ કરી શકાશે અને તેઓ તેનો નિકાલ કરશે. એટલે કે સિનિયર સિવિલ જજની કોર્ટમાં રૂ. બે લાખથી પાંચ લાખ સુધીના પડતર દાવાઓ હવેથી તાલુકા કક્ષાએ સિવિલ જજ કોર્ટને તબદીલ થશે. પરિણામે લોકોને તાલુકા કક્ષાએ જ ઘર આંગણે જ ન્યાય મળી રહેશે.

મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, આ સુધારાથી ડિસ્ટ્રીક્ટ જજની અપીલની નાણાંકીય હકૂમત જે હાલ રૂ. પાંચ લાખની છે

● અનુસંધાન પાન-૭ પર

## ખૂણે... ...ખાંચરેથી

- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માતૃશ્રી હિરબા સે-૨૨નું સરકારી આવાસ છોડી કુડાસણ નજીકના વૃંદાવન બંગ્લોઝમાં સુરક્ષાના કારણોસર રહેવા ગયા છે.
- માહિતી ખાતાના નાયબ માહિતી નિયામકોની બદલીના હુકમો જારી કરાયા છે.
- સામાન્ય વહીવટ વિભાગે ત્રણ નાયબ સચિવોને સંયુકત સચિવ બનાવ્યા છે. જેમાં જલવંત ત્રિવેદી, દર્પણ ધીમ્મર, અમૃતભાઈ પટેલનો સમાવેશ થાય છે.
- સનદી અધિકારીઓના બદલીના ભણકારા વાગી રહ્યા છે.
- ચ માર્ગ પર વાહનોની ગતિ મર્યાદાના હુકમનું સખ્તાઈથી પાલન થાય તેમ સૌ ઈચ્છી રહ્યા છે. આજે આ માર્ગ પર બે નાના અકસ્માતો થયા હતા.
- આજે શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક સંસ્થાના કાર્યાલયમાં મળશે.
- ભારતીય હોકી ટીમના સ્ટાર ખેલાડી ધનરાજ પિલ્લાઈ ૪થી જુલાઈના રોજ ગાંધીનગર આવી રહ્યા છે. તેઓ ગાંધીનગર જિલ્લાની હોકી ટીમની પસંદગી માટે આવી રહ્યા છે.

# સ્વર્ણિમ સંકુલ-૧ અને ૨ના નિર્માણ માટે ૨૧૭ કરોડ ખર્ચાયા

## સ્વર્ણિમ સંકુલમાં એ.સી. અને ફર્નિચરની સુવિધા માટે ૬૫ કરોડ ખર્ચાયા

ગાંધીનગર,તા.૨

નવા સચિવાલયના પરિસરમાં નિર્માણ કરાયેલા સ્વર્ણિમ સંકુલ.૧ અને ૨ પાછળ કુલ ૨૧૭.૦૫ કરોડનો તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે આ પૈકી ફર્નીચર તેમજ એ.સી પ્લાન્ટની સુવિધા માટે રૂ.૬૫ કરોડનો ખર્ચ થયો હોવાનું પણ ધ્યાને આવ્યું છે. વિધાનસભાના સત્ર દરમિયાન દાણીલીમડાના ધારાસભ્યએ આ અંગે માર્ગ મકાન વિભાગના મંત્રીને પ્રશ્ન પૂછતાં સ્વર્ણિમ સંકુલના ખર્ચની આંકડાકીય માહિતી ધ્યાને આવી છે.

વિધાનસભા સત્ર દરમિયાન દાણીલીમડાના ધારાસભ્ય શૈલેષ પરમારે માર્ગ મકાન વિભાગના મંત્રીને સ્વર્ણિમ સંકુલ ૧ અને ૨ બનાવવા પાછળ કેટલો ખર્ચ થયો તે અંગે પ્રશ્ન પૂછ્યો હતો. આ પ્રશ્નના જવાબમાં માર્ગ મકાન વિભાગના મંત્રીએ જણાવ્યું હતું કે ૩૧-૫-૨૦૧૪ ની સ્થિતિએ નવા સચિવાલય પરિસરમાં નિર્માણ કરાયેલા સ્વર્ણિમ સંકુલ.૧ અને ૨ પાછળ કુલ રૂ.૨૧૭.૦૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે સ્વર્ણિમ સંકુલના બાંધકામ, ફર્નીચર, એ.સી પ્લાન્ટ તેમજ અન્ય -કારના ખર્ચ અંગે પણ માર્ગ-મકાન મંત્રીને પૃચ્છા કરવામાં આવી હતી. જેના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે સ્વર્ણિમ સંકુલના બાંધકામ માટે ૧૪૦.૦૩ કરોડનો ખર્ચ થયો છે. ફર્નીચર કામ પાછળ ૪૦.૯૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે એ.સી. પ્લાન્ટની કામગીરી અન્વયે ૨૪.૨૪ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ૧૧.૮૨ કરોડનો અન્ય -કારનો ખર્ચ પણ સ્વર્ણિમ સંકુલ પાછળ થયો છે. આમ અદ્યતન અને સુવિધાયુક્ત સ્વર્ણિમ સંકુલના નવીન બે બિલ્ડીગના નિર્માણ પાછળ કુલ રૂ.૨૧૭.૦૫ કરોડનો તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે.

# જુનો સેક્ટરોમાં ૪ કરોડના ખર્ચે સરકારી આવાસોનું રિનોવેશન

## સેક્ટર-૨૦, ૨૧ અને ૩૦માં 'ચ' અને 'છ' પ્રકારના ૯૦ જેટલા આવાસોનું મજબૂતિકરણ હાથ ધરાયું

ગાંધીનગર, તા.૨

શહેરમાં સે-૨૦, ૨૧ અને સે-૩૦ માં ચ અને છ કેટેગરીના આવાસોનું મજબુતીકરણ હાથ ધરવામાં આવ્યું છે. ચ અને છ કેટેગરીના અંદાજીત ૯૦ જેટલા મકાનોના મજબુતીકરણ પાછળ રૂ.૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. હાલ સે-૨૦ અને ૩૦ માં આ કામગીરી શરુ કરી દેવાઈ છે. જયારે સે-૨૧ માં પણ ટૂંક સમયમાં મજબૂતીકરણનું કામ શરુ કરી દેવાશે.

શહેરના સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના આવાસોનું તબક્કાવાર મજબુતીકરણ હાથ ધરવામાં આવી રહ્યું છે. શહેરમાં ૧૬ હજાર જેટલા સરકારી આવાસો પૈકી મોટાભાગના મકાનોમાં મજબુતીકરણની કામગીરી હજુ બાકી છે. અલબત્ત અત્યાર સુધીમાં આવાસ રીનોવેશન અન્વયે માત્ર ૪૦ ટકા કામગીરી થઈ હોવાનું સ્પષ્ટ થયું છે. શહેરમાં મોટાભાગના સરકારી આવાસો જોખમી સ્થિતિમાં

● અનુસંધાન પાન-૭ પર

# રખડતા ઢોરથી માર્ગ સલામતિ સામે જોખમો





(તસવીર : વિપુલ ચૌહાણ)

ગાંધીનગરમાં રખડતા ઢોરોનો પ્રશ્ન જટિલ સમસ્યારૂપ બન્યો છે. શહેરના મુખ્ય માર્ગો અને આંતરિક માર્ગો પર રખડતા ઢોરના કારણે ગંદકી ખદબદી રહી છે. બીજી તરફ માર્ગ વચાળે અડીગો જમાવતા અને દોડતા ઢોરના લીધે પૈડા પરની જીંદગી વધુ જોખમી બની છે. શહેરમાં ઢોર ડબ્બા માટે જગ્યાની ફાળવણી કરવામાં આવ્યા બાદ પણ રખડતા ઢોરનો પ્રશ્ન હલ થઈ શક્યો નથી. શહેરમાં એક બાજુ ટ્રાફિક નિયમનના અભાવ વચ્ચે અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે ગતિનિયંત્રણના અભાવની સાથે રખડતા ઢોર પણ માર્ગ અકસ્માત માટે કારણભૂત હોવાનું સ્પષ્ટ થયું છે. ચ-૫ સર્કલ પાસે આજે બપોરે જતી બોલેરો ગાડી આડે અચાનક ઢોર આવી જતા ગાડીના ચાલકે કાબુ ગુમાવી દીધો હતો. જેના પરિણામે બોલેરો ગાડી પલટી મારી ગઈ હતી. સર્જાયેલા આ અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાની થઈ ન હતી. પરંતુ મોટો જાનલેવા અકસ્માત સર્જાતા રહી ગયો હતો.

# માર્ગો પર રખડતા અસ્થિર મગજના માનવીઓ પ્રત્યે સંવેદના દાખવવી જરૂરી

ગાંધીનગર, તા. ૨

માનવીય જીવનના મુલ્યોનુ જતન એ દરેક માનવનો અબાધિત અધિકાર છે. માનવ અધિકારો માટે દેશના કાયદાઓમાં પણ જોગવાઈ કરવામાં આવી છે. ત્યારે માર્ગો પર રખડતા અસ્થિર મગજના મનુષ્યો પ્રત્યે દયા દાખવવી જરુરી બની છે. માનવ અધિકાર પંચે જાગૃતિ કેળવી આવા રખડતા-ભટકતા લોકોને યોગ્ય સ્થાને પહોંચાડવા જોઈએ તેવી લાગણી છે.

દેશભરમાં અસંખ્ય અસ્થિર મગજ ધરાવતા માનવીઓ રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ, માર્ગો અને અનેક ઠેકાણે બદતર જીવન ગાળતા હોવાનું દેખાઈ રહ્યું છે. ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં આવા અસ્થિર મગજના લોકો ઠેર ઠેર દેખાઈ આવે છે. સભ્ય સમાજ, માનવ અધિકાર પંચ, સેવાકીય સંસ્થાઓ અને રાજય સરકારે એક અલાયદી સમિતિ રચી આવી માનવ જીંદગીઓના જીવનમાં ઉજાસ લાવવા પ્રયત્નશીલ બનવું પડે. માર્ગો પર રખડતા આવા અનેક અસ્થિર મગજના લોકો માર્ગ અકસ્માતનો ભોગ બની વાલીવારસ વિના દુનિયા છોડી ગયા છે. જેની નોંધ સુધ્ધા લેવાઈ નથી.

સંસ્કારી સમાજમાંથી આવતી અસ્થિર મગજની વ્યકિતની તેમના કુટુંબીઓ શોધખોળ હાથ ધરે છે પરંતુ બેધ્યાન પણે તેઓ અજાણ્યા વિસ્તારોમાં પહોંચી જઈ રેલવે સ્ટેશન કે બસ સ્ટેન્ડ પર બદતર હાલતમાં જીવન વ્યતિત કરે છે. આવી વ્યકિતઓ પ્રત્યે માનવીય સંવેદના, સહાનુભૂતિ ઉભી થવી જોઈએ. જે તે વિસ્તારની સ્વૈચ્છિક સંસ્થાઓએ તેની જવાબદારી લઈ આવા અસહાય લોકોને પીઠબળ પુરું પાડવું જોઈએ.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

# ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા આવાસોનો એક મહિનામાં ફરીથી ડ્રો કરવામાં આવશે

## દરેક શહેરમાં અલગ અલગ ડ્રો કરાશે

ગાંધીનગર, તા. ૨

રાજ્યમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા આવાસો માટે કરવામાં આવેલ ડ્રો રદ કરીને આગામી એક મહિનામાં નવેસરથી દરેક શહેરમાં અલગ અલગ ડ્રો કરવામાં આવશે એમ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીએ જણાવ્યું હતું.

વિધાનસભા ગૃહમાં આજે ભાજપના ધારાસભ્ય ભૂષણ ભટ્ટે જાહેર તાકીદ અગત્યની બાબત અંગે

● અનુસંધાન પાન-૭ પર

# વિધાનસભામાં બઢતીના હુકમો

ગાંધીનગર, તા. ૨

ગુજરાત વિધાનસભાના ચાર અધિકારીઓને બઢતીના હુકમો જારી કરાયા છે. જે ચાર અધિકારીઓને બઢતી અપાઈ છે તેમાં બે ઉપ સચિવોને નાયબ સચિવ બનાવાયા છે. જ્યારે બે શાખાધિકારીઓને ઉપ સચિવ બનાવાયા છે.

ઉપસચિવ શ્રી એમ.એમ. પરીખ અને શ્રી એસ.એમ. મેમણને નાયબ સચિવ તરીકે અને શ્રી કે.જે. ભટ્ટને ઉપ સચિવ તરીકે ૧-૭-૧૪ થી અમલી બને તે રીતે બઢતી આપવામાં આવી છે.

**ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમિટેડ**
(ગુજરાત સરકારનું સાહસ)
ઉદ્યોગ ભવન, બ્લોક નંબર-૧૮ પાંચમે માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર
ટેલીફોન નંબર : ૦૭૯-૨૩૨૫૪૪૬૨-૬૩/૨૩૨ ૩૨૨૧૯
ફેક્સ નંબર : ૦૭૯-૨૩૨૨૯૬૫૧, મો : ૯૯૭૮૪૦૭૭૧૪

નિગમના ચેરમેનશ્રી માટે ૩ થી ૪ બેડરૂમ વાળો બંગલો ભાડેથી રાખવાનો હોઈ લાગતા વળગતા બંગલાના માલિકોએ ઉપર્યુક્ત સરનામે માસિક ભાડુ દર્શાવી શરતો સહિતની અરજી તા. ૧૬/૭/૨૦૧૪ સુધીમાં મળી જાય તેમ મોકલી આપવા જણાવવામાં આવે છે. અરજીઓ માન્ય રાખવી કે રદ કરવી તેનો અબાધિત અધિકાર નિગમના વહીવટી નિયામકશ્રીનો રહેશે.

**નોટીસ**
સાંચા કામ સબબે તારીખ ૩-૭-૧૪, ગુરૂવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૯-૦૦ કલાકથી સાંજના ૧૭-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.
૧. ઈન્દ્રોડા ઓવરહેડ લાઈન
સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

**નોટીસ**
સાંચા કામ સબબે તારીખ ૪-૭-૧૪, શુક્રવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૯-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.
૧. સેક્ટર-૩ સબસ્ટેશન
સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

**ડુપ્લેક્ષ વેચવાનું છે**
પેથાપુરથી ગાંધીનગર મેઈન રોડ ઉપર, કોર્નરનું મકાન, શોપીંગ સેન્ટર નજીક, ૮ રૂમ, કેબીન, ફુલ ફર્નિચર સાથે ડુપ્લેક્ષ વેચવાનું છે. સરકારી ઈજનેરી કોલેજ નજીક
મો. ૯૭૧૪૧૦૯૧૦૮

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com